श्री कृष्णायनमः

શ્રીગુસાંઇજી (શ્રી વિઠ્ઠલનાથજી)ના પરમભક્ત

ગોપાલદાસજી કૃત

શ્રી વલ્લભાખ્યાન

તથા

ગોસ્વામીશ્રી દ્વારકેશજી મહારાજકૃત.

મૂળ પુરૂષ.



વૈષ્ણવ ધર્મનાં પુસ્તકો વેચનાર.

છપાવી પ્રસીદ્ધ કરનાર,

બુકસેલર-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. સને ૧૯૧૬. પ્રત ૧૦૦૦

શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ. પોચાભાઇ ચકુભાઇએ છાપ્યું.
ઠે. પીરમશા રોડ—અમદાવાદ

કીંમત. બે આના.

શ્રીકૃષ્ણાયનમઃ

પરમભક્ત ગોપાલદાસજી કૃત.

વલ્લભાખ્યાન પ્રારંભ.

બીડું ૧ લું.

રાગ—કેદારો.

વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર નવઘનસ્યામ તમાલ
જગતિતલ ઉદ્ધાર કરેવા પ્રગટયા પરમ દયાલ.
શ્રી પુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડા લીલા દ્વિજ તનુધારી
સાત દિવસ ગિરિવર કર ધાર્યો વાસવ વૃષ્ટિ નિવારી. ૨
તે પ્રગટયાનું કારણ કહીયે જો [1]સુરતા મન આણો
કરો કૃપા હું કરૂં વિનતિ પોતાનો કરી જાણો. ૩
વ્યાપક રૂપ અદ્વૈતબ્રહ્મ જે તેજોમય કહેવાય
આર્યપંથ અધિકારી મુનીજન તે માંહે લય થાય. ૪
અક્ષર આદ્ય અખંડ અનુપમ ઊપમા કહી ન જાય.

૧ શ્રોતા

અસ્તિ [૨]વસ્તુ સંઉકો મળી બોલે નિગમ નેતિ નેતિ ગાય ૫
નિર્ગુણુનો નિર્દેશ અટપટો રસના શી પેરે કહીયે
રૂપ વાર્ણ વપુ દ્રષ્ટ પદારથ ત્યાં એકો નવ લહીયે ૬
તેહ થકી પુરૂષોત્તમ અળગા લીલા અચળ વિહાર
બ્રહ્મજ્ઞાનીને મુક્તિ મારગી સ્વપ્ને નહિં વ્યવહાર ૭
જ્યાં શ્રીવૃંદ્રાવન આદ્ય અચળ શશિ શરદરેન બહુ [૩]વેશ
વનદેવીપદ કુંમકુમ મુખ સુખ [૪]પરસે રંગ વિશેષ ૮
જ્યાં સરિતા ચામીકર મણિ ગણુ ઉભય બદ્ધ સોપાન
કમલ કુમુદ નાના અલિ સુંદર મધુર કરે ત્યાં ગાન ૯
કનકલતા માલતી મલ્લિકા વિવિધ કુસુમ મકરંદ
શીતલ પવન ઝકોરે લહેરે પરસે અતિ આનંદ ૧૦
પદ્મરાગ મરકતમણિ સ્ફાટિક શ્રીગોવર્દ્ધન સોહે
બ્રહ્મારૂદ્ર ત્યાં કોણુ બાપડા શ્રીહરીનું મન મોહે ૧૧
નાના પક્ષીની શબ્દ માધુરી શોભા તણો નહિ પાર
વિવિધ પ્રકારે જુજવા કહેતાં ગ્રંથ થાય વિસ્તાર ૧૨
શ્યામા શતદલ નયન સુંદરી યુથ તણો નહિં પાર
અનેક રાસ મંડલ રચના રચિ ખેલે શ્રી નંદકુમાર ૧૩
એણીપેરે નિત્ય નવલી લીલા ઘોષ વાદ્યઝંકાર
અંગ સ્વેદ મકરંદે મોહ્યા મધુપકરે ગુંજાર ૧૪
એ પ્રભુને મન ઈચ્છા ઉપની જશ થાવા વિસ્તાર

---

૨. અસ્તુ અસ્તુ. ૩ એશ. ૪ સરસે.

અધિકારી પાખે એ વાણી નહિં કોને ઉચ્ચાર ૧૫
ભ્રૂભંગેથી સૃષ્ટિ નિપની અતિ સુંદર બ્રહ્માંડ
ચૌદલોક નાના વૈચિત્ર્યે ભૂમંડલ નવખંડ ૧૬
પરપોતાની વ્યકિત કરેવા સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર
દૈવી આસુરી બે ઉપજાવી પ્રભુ મન કરી વિચાર ૧૭
ભકિત સુંદરીને માયા દાસી બે મૂરત પ્રકટાવી
તેમાં પહેલી નખશિખ સુભગા શ્રીહરિને મનભાવી ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં ઉપન્યા સત્વ અનંત
ભકિત લીન હુવા સૌભાગી તે વૈષ્ણીવ ગુણવંત ૧૯
બીજે કટાક્ષે જે જન ઉપન્યા માયામાં થયા લીન
કર્મજડ આસુર અન્ય ઉપાસક ભજન ધર્મથી હીન ૨૦
એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ મિશ્રિત ચાલી જાય
ભકિતમારગી જીવ સ્વતંતર કેવળ ભકત ન થાય ૨૧
શ્રી પુરૂષોત્તમે વળી વિચાર્યું હવે પ્રકાર શો કરીયે
મારી સેવા અને કથારસ નિરૂપવા તનુ ધરીયે ૨૨
ભકતજીવનાં ભાગ્ય વિસ્તર્યાં ઈચ્છા કરી હરિ સાર
તેણે હેતે આપો પેં પ્રગટયા શ્રી વલ્લભરાજ કુમાર ૨૩
પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત પુરૂષોતમ શ્રી વિઠ્ઠલનાથ
શ્રી ગોકુળમાં પ્રકટ પધાર્યા સ્વજન કીધા સનાથ ૨૪

બીડું ૨ જું.

રાગ રામકલી.

શ્રી લક્ષ્મણ સુત શ્રી વલ્લભરાયજી
સ્મરણ કરંતાં દુષ્કૃત જાયજી ૧
કળિજન તરવા નહિં અવર ઉપાયજી
યજ્ઞ પુરૂષ હરિના શ્રુતિ ગુણ ગાયજી ૨

ગાય શ્રુતિ ગુણરૂપ અહર્નિશ ધરી ધ્યાન વિચાર
આનંદરૂપ અનુપમ સુંદર પામે નહીં કોઈ પાર ૧
પ્રાણપતિ પ્રાકટય કારણ કાંઈક કહું મતિમંદ
હરસુર વિધાતા નવલહે સાક્ષાત બ્રહ્માનંદ. ૨
શ્રી વ્રંદાવનચંદ મુખરૂચિ અગ્નિ તે અવતાર
દ્વિજ તિલક ત્રિભુવન નામ નિરૂપમ રૂપ અંગીકાર ૩
દેવલોક દુદુંભી વાગીયાં આનંદ કરેરે નિઃશંક
અસુર તિમિર ઉચ્છેદવા ભૂવિ વલ્લભદેવ મયંક ૪
પૂરણ પુરૂષ પ્રમાણ પંથા વ્યાખ્યાતા વેદાન્ત
ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાન્ત ૫
રસિક રસના રસિક વાણી જાણી [1]નર નવખંડ
ઉર્ધ્વ પંથે સ્વયશ પ્રસર્યો વાધીયો બ્રહ્માંડ ૬
એક બ્રહ્માંડે જેનો યશ ન માયો તેના હુવા કોટી અનંત

---

૧ સર્વે.

તોય ત્યાં થકી ત્રાધીયો જઈ વશ્યો મુખ ધીમંત ૭
અતુલ અમલ ઉદ્યોત ઉદયો ભુતલ દ્વિજ માર્તંડ
ભકિત મારગ કેસરિ ગજ માયિક મત શતખંડ ૮
દિગ્વિજય દશ દિશાએ કીધો પરિક્રમાને વ્યાજ
તિર્થ સકળ સનાથ કીધાં ચરણ રેણું સમાજ ૯
પત્રાવલંબે પંડિત જીત્યા માયિક મત માતંગ
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા જેનું રૂપ કોટી અનંગ ૧૦
સ્વમારગ સ્થિર સ્થાપવા આપવા ભજનાનંદ
નામ આપ્યાં જીવને સુભ મિષ્ટ મુખ મકરંદ ૧૧
અનેક જીવને કૃપા કરવા દેશાંતર પરવેશ (પ્રવેશ).
કોમલ પદ જયાં કમલ વિલસે ધન્ય કહું તે દેશ ૧૨
અંગ વંગ કલિંગ કૈકટ માગધ મારૂ સૂર સિંધ
તે તામસનાં અઘ હર્યાં પ્રતાપ પદરજ ગંધ ૧૩
કનકસ્નાન શતમણ સૂવર્ણે કરાવ્યું મહીપાળ
તે મુકી વેગે ચાલીયા રાય દ્રષ્ટિ ન પાછી વાળ ૧૪
દક્ષિણ પ્રભુજી પાઉધારિયા પાંડું રંગ શ્રી વિઠુલનાથ
નેત્ર મલતાં વાત કીધી વચન દીધું હાથ ૧૫
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું કીધી શ્રી વલ્લભજીશું વાત.
અમને તો ઇચ્છા એહ છે જે હું નંદન તમે તાત. ૧૬
તે પુરૂષોત્તમ પ્રકટશે શ્રી વિઠુલરૂપ નિધાન,
નેત્ર કમલે નાના ભાવે દેશે ભકતને સનમાન. ૧૭

ત્યાંથી શ્રીવૃંદ્રાવન પાઉધારીયા જ્યાં મધુપ કરે ઝંકાર;
કુસુમ દ્રુમ નવ મલ્લિકા મકરંદનો નહિં પાર. ૧૮
તરૂ તમાલ અતિ શોભિતાં હેમ જુથીકા સંઘોડ,
લલના તે સુભગા લટકતાં હીંડે તે મોડા મોડ. ૧૯
તાન ધુનિ મુનિ મયુર રૂપે સાંભળે ધરી ધ્યાન,
નિત્ય લીલા ગાન શ્રવણે કરે તે મધુપાન. ૨૦
કુંજ સદન સોહામણું શોભા તણો નહિ પાર,
વિવિધ [1]રાસ લીલા કરે વ્રજમાં ખેલે શ્રીનંદકુમાર ૨૧
રંગે તે રમતા દીઠડા બલદેવ શ્રી ગોવિંદ
તે પુત્રભાવે પ્રકટશે મન ઉપન્યો આનંદ ૨૨
બલદેવ શ્રી ગોપીનાથ કહીએ શ્રી વિઠ્ઠલ નંદનંદ
તે વેદ પથ વિસ્તારશે જન આપશે આનંદ ૨૩
ત્યાંથી કેશીઘાટ પાઉધારીયા કહિ કથાતત્વ સમાધિ
રસપુંજ પુરૂષોતમ પ્રમાણ્યા સરસ્વતિ તજી આધિ ૨૪
ગિરિરાજને આશ્વાસ દીધો ધરી કોમળ ચર્ણ
હરખે તે સાહ્મા આવીઆ શ્રીગોવર્ધન ઉદ્ધરણ. ૨૫
હળીમળીને ચાલીયા ચરણાટ જ્યાં નિજધામ,
નવરંગ નાગર પ્રકટિયા મનપુરવા બહુ કામ, ૨૬
તત્વ સંખ્યાયે કહ્યાં પદ સાર માંહે સાર,
હવે કાંઈ એક સ્તુતિ કરૂં શ્રી વલ્લભરાજ કુમાર. ૨૭

---

૧ રાસ મંડળી રચના રચી.

બીડું ત્રીજું.

રાગ ધન્યાશ્રી.

આ પોષ મધ્યાન્હે નોમે શ્રીનાથજી, શ્રી અકકાજી ઊર
ઊપન્યો આનંદ.
આ ચંદ શ્રી વ્રંન્દાવન તણો પ્રકટીઓ એ, ૧
સૌભાગ્ય સુંદરી મલી ધવળ ગાયે, સુહાયે રૂડા કંઠનાનાદ,
આલ્હાદ ઊપન્યો તે અંગોઅંગ ઘણો એ. ૨
સુતિકા સદન સોહામણું, શોભા રૂડી લેહેરડે જાય,
વાજીંત્ર વાગે તેણે સમે તણાં એ. ૩
સર્વસ્વ દાન તેણે સમે, કરેરે શ્રીવલ્લભજી ઉદાર,
સકુમારસુત ઉદયો શ્રવણે સુણી એ. ૪
પાતાળે શેષનાગ રીઝીયા, ઉપર ઈંદ્રાદિક દેવ,
તતખેવ સુણી નિશાન વજડાવીયાં એ. ૫
બ્રહ્મા મહાદેવ મુનિ હરખીયા, વરખીયા કુસુમ સમૂહ,
મોહ ટાળ્યો જગતના જીવનો એ. ૬
સિદ્ધ ગાંધર્વ ગણ[1] અપસરા, ઉલટીયા નૃત્યને નાદ,
આલ્હાદ ભર્યાં શ્રી વલ્લભજીયે માનીયાં એ. ૭
નિગમ સામ સાખા સહસ્રશું, કરેરે ભલ્લા નિર્ઘોષ,
ઘોષપતિ ભગવંત[2] ભેટતાં એ. ૮

---

૧ ગુણિ. ૨ ભગવદી.

વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુ પેરે ગોદાન.
માન સુ સ્વજન સંતોષીયા એ. ૯

કનક કચોળાં કુમકુમ ભર્યાં, અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ.
માળ પારિજાતની મહમહે એ, ૧૦

તોરણ પર્ણ સહકારનાં, વરણી ચંદન તણાં નીર,
વીર શ્રીગોપીનાથ શ્રીવિઠલ પ્રગટીયા એ. ૧૧

દધિ દુધ ઘ્રત માંડવે, શેરડીયે વહેરે સુગંધ,
સુગંધે મોહ્યા અલિકુલ આવીયા. ૧૨

સુત માગધ સાધુ સર્વે મળ્યા, ભળીઆ તે માંહોમાંહ,
ઉત્સાહ ભર્યાં કો કોને જાણે નહિ એ. ૧૩

શુકદેવ સબળ આનંદિયા, વંદિયા શ્રીવલ્લભજીનાં ચરણ
ગિરિધરણ શ્રીભાગવત મારૂં નીરખશે એ, ૧૪

સકળ કળા કળીકાળમાં કલ્પદ્રુમ પ્રગટિયો આજ,
કાજ મન વાંછિત પુરવા એ, ૧૫

તૈલંગ તિલક ત્રિભુવન ધણી, મણી મરકત ધનવાન,
સમાન રૂપ નિરખતાં કો નહિ એ. ૧૬

ગણુક ગર્ગાદિક આવિયા, ભાવિયા દીયેરે આશિષ,
જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રગટિયાએ. ૧૭

ધવળ ધન્યાશ્રી ગાન જે કરે, ઉચરે શ્રીવિઠ્ઠલજી અવતાર;
સારસ્વત લીલા તે જન લહે એ; ૧૮

દાસનો દાસ જાય વારણે, બારણે રહયોરે ઊત્સવ જુએ,
કો એક [1]ભગવદી તે સમે એ. ૧૯

બીડું ચોથું.

રાગ ભુપકલ્યાણ.

તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી, ત્રિભુવન મંગલપરમાનંદજી;
સકળ જીવનો ટાળ્યો દ્વંદજી, જગમાં વ્યાપ્યો સુખમકરંદજી

ઢાળ.

સુખદ વંદુ શ્રીવલ્લભસુતના પદાંબુજ સુકુમાર,
નિગમ રહસ્ય વિચાર કીધો સકળ જન નિસ્તાર-તે પદ. ૧
બ્રહ્મકુલ હરિ અવતર્યા તે ટાળવા ભુમિ ભાર,
શ્રીનાથ શ્રીવિઠ્ઠલ નામ નિરૂપમ વંદાવન શણગાર-તેપદ ૨
એક રસના કેમ કહું ગુણ પ્રગટ વિવિધ વિહાર,
નિત્ય લીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર- તે પદ ૩
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે સાર માંહે સાર,
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન ભકતનો આધાર- તે પદ ૪
સર્વ અંગોઅંગ રસ ભર્યા રસ ભર્યા લોચન ચાર[2]
ચલણ વલણે બાંધ્યા હૃદે ભાવ અનેક પ્રકાર- તે પદ ૫

---

૧ કો એક ભાગ્યવાન તે સમે અથવા કો નહિં ભાગ્યવાન તે સમે. ૨ ચારૂ.

મુખ સુગંધે મોહ્યાં અલિસકળ તે આવી કરે ઝંકાર;
[1]મધુર વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર- તે પદ ૬
નામ વ્યાજે પ્રગટ કીધો મુક્તિ શત્રુકાર,
ભુજદંડ પરસે ભયહર્યાં એવા નાથ અમિત ઉદાર-તે પદ ૭
સ્વસ્વરૂપ અર્થે પ્રોજીઆ કૃત હુતા જે સંસાર,
રાજકાજે જોડીયા જન ઉચ્ચાવચ નરનાર- તે પદ ૮
આગળ અંશે પ્રકટિયા જે ગ્રંથે કહ્યા બહુવાર,
શ્રી યશોદા ઊત્સંગ લાલિત પૂરણ અતિ સુકુમાર-તે પદ ૯
અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ નિગમને અનુસાર,
ગિરિરાજધરનો તાપ ટાળ્યો શ્રીલક્ષ્મણ સુતનિરધાર-તે૧૦
પોતે પ્રગટ પોતાતણો [2]યશ તણો કર્યો ઉચ્ચાર
પોતે અંગોઅંગસુખદશોભાસદનઅંગીકાર—તે પદ. ૧૧
સ્કંધ સંખ્યાએ કહ્યાં પદ શ્રી ભાગવત રસરાજ
ભક્ત પદરજ પ્રતાપે સકલ સરીયાં કાજ- તે પદ ૧૨

મીઠું પાંચમું

રાગ સામેરી.

(અનીહાંરે) શ્રીવિઠ્ઠલસુખકારી,નામેનિષ્પાપથાયનરનારી
દુર્ગતી સકલ નિવારી, પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસ વિહારી

---

૧ સરસ વચન. ૨ રસતણો.

(અનીહાંરે) માયિક મત જેણે ખંડયો, ભકતિ મારગ જેણે
બહુ પેર મંડયો

ઉત્પથ જન સર્વ દંડયો, મુરખ હેતુ કુશબ્દ વિતંડયો

(અનીહાંરે) વદન સુધાકર જોતે, વચન [1]રસિક રસ રાસ
ઉદ્યોતે.

નવજળ ઘનવધુ પોતે, સરસ [2]સુધારસ કીધા પ્રભુ હોતે

(અનીહાંરે) ભકિતપક્ષ દ્રઢકીધો, વચન સુધારસ જન
શ્રુતિ પીધો

અર્થ સકળ તેને સીધો, તે લીલા માંહે તાણીને લીધો.

ઢાળ.

જે લીલામાંઅંગીકારકરીયોરે તેનોસકલ તાપનિસ્તરીયોરે

જેને [3]વિઠ્ઠલનાથ વિચારેરે તેને પ્રગટ પદારથ ચારેરે

ઉપરાંત ભજનફળ આપેરે વ્રજમંડળ સ્થિર કરી સ્થાપેરે

તેને દેવમુનિ સર્વે ગાયેરે તેતો સર્વ ઉપરાંત સુહાયેરે

તેને કાળ કર્મ નવ બાંધેરે યમ તે શિર ધનુષ્ય ન સાંધેરે

એવોમાર્ગ શ્રીવલ્લભવરનોરેજ્યાંનહિપ્રવેશવિધિહરનોરે

જ્યાંહાં નિત્ય રાસ બહુ પેરેરે મધ્યનાયક નિરતત ઘેરેરે

જ્યાંહાં રત્ન જડીત તટસરિતારેત્યાનવપલ્લવ ભુમિહરિતારે

જ્યાંહાં રત્ત' ધાતુ ગીરીરાજેરે વાજીંત્ર વિવિધ પેરે વાજે-

---

૧ સરસ રસ. ૨ ભકિત સરસ કંધા. ૩ જે શ્રી દૃકળનાથ.

જયાંહાં યુવતી યુથ બહુ માંયેરે શ્રીજી સ્યામલ વર્ણ સુહાયેરે
એણીપેરે શ્રીગુંસાઈને જાણેરે જાણી અહર્નિશ ગાય વખાણેરે
જે જીવ જાતી હોય કોયરે તેને તક્ષણ સર્વ સુખ હોયરે
સેવકજન દાસ તમારોરે તેનો રૂપ વિયોગ નિવારોરે

મીઠું છઠું.

રાગ પરજ.

સગુણ સનેહી શામળા વ્હાલા અહર્નિશ દર્શન આપોજી
પરમ સુખ દેવાને કાજે વ્રજમંડલ સ્થિર કરી સ્થાપોજી
શ્રીવલ્લભ કુંવર કોડામણા તમારૂ નામ નિરંતર લિજેજી
રૂપ સુધારસ માધુરી તે લોચન ભરી ભરી પીજેજી
તે પદ કયારે દેખીશું જે ગોધન પુંઠે ધાયજી
વ્રજસુંદરી સુખ પામીને તે વારંવાર અઘાયજી
દીવસે સર્વ શ્યામા મળી રસરૂપ [1] તવ જશ ગાયજી
ગોપ મંડળી મધ્ય દેખીને વારંવાર સુખ થાયજી
વાસર નિર્વાહ એમ કરે સખી સાયંકાળે પેખેજી
અલકમુખ ખુરરજ લાગીતે કમલ ભ્રમર વીશેખેજી
ગોપબાલક મંડલી મધ્ય રંગ અનેક ઉપજાવેજી

---

૧ ધાતુ રત્ન. ૨ તણો

મત્ત ગજમતી મલપતા તે શ્રીગોકુળમાં આવેજી
લોચન ભૃંગ પીયે ઘણું તે પ્રગટ મુખ મકરંદજી
કમળપત્ર શી આંખડીતે જોઇ જોઇ ટાળ્યો દ્વંદજી
જોતાં તૃપ્તિ ન ઉપજે પ્રભુ અધર સુધારસ પાયેજી
ભુજલતા ભીડી ભામીનીના દિવસ તાપ બુઝાવેજી
પુરણ સુખ દઈ ગોષ્ટમાં પ્રભુ આઘેરા પાઉધારેજી
યશોમતી લે ભામણાં સુતને [1]નીરાંજન ઉતારેજી
વસ્ત્રાંચલ મુખ રજ પોંછીને સકલ રૂપ નીહાળેજી
ઉભી થાય રોમાવલી કર કોમળ અંગ સંભાળેજી
કરી પેરે પેરે વારણાં સુતને સદન માંહે પધરાવેજી
સુંદરી ગૃહ કારજ મિષેવલી નિરખવાને આવેજી
ઉષ્ણોદક સોંધો ભેળીને અંગ અધોળ કરાવેજી
અંગવસ્ત્ર કરી સ્વચ્છ વપુને પછે તેલ લગાવેજી
વિવિધ વસન સુગંધને ભુષણ પુલ અંબોડે ફાવેજી
ઠણુઠણુતો વ્હાલો લાડકડો તે ભોજનશાળાએ આવેજી
શ્રીરાધા અધરસુધા વિના [2]પિયુને બીજું તે કાંઈ નવભાવેજી
પ્રાત પધારે ને નિશાયે આવે પ્રાત નત્રી ઉપજાવેજી
માતાનું મન રંજવા પ્રભુ આરોગ્યા બહુ સ્વાદેજી
સુગંધ બીડી કર ધરીને ઉઠયા નેપુર નાદેજી
સકળ વ્રજમાં પોઢીયા કરે વિવિધ રસ સુખદાનજી

રાઇ લુણ ઉતારેજી ૨ હરિને

એ લીલા મારે મન વસો જે ભકત માગે માનજી
શ્રી વીઠ્ઠલ દ્વિજરૂપ તમારી લીલા એણીપેરે ઝાઝીજી
ઓળંગ્યે કેમ ચાલશે જે રીત અમશું બાઝીજી.

મીઠું સાતમું

રાગ સામેરી

આપસેવા કરીશીખવેશ્રીહરી ભકતી પક્ષ વૈભવ સુદ્દઢકીધો
આપનીલીલાતેવદ્દનપ્રોતેકહીઉચ્ચારઆનંદઅધીકદીધો૧
વેદ્દદધિ મધ્ય નવનીત જે ભજન રસ મથિત માધુરી જીવે
શ્રવણે પીધો
તક્રસમ કર્મપથ સ્નેહ રસહીન જે સ્વેત જાણી વીમુખ
તાણી લીધો—૨
એ ચરણ શરણ વિના લોક દશચારમાં કહોને કેનો કાંઈ
અર્થ સીધો
શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે ભજે નહીં પશુ જેમ
વિષય કીધો—૩
બોલ વલ્લભ સુવન વિમલ વાણી જેની ગતી બ્રહ્માદી દેવે
ન જાણી—૪

\+ \+ \+ \+

\+ આ સ્થળે "જે શુદ્ધરસ વેદવાણી વદે તે પ્રગટ કાધી ભકત હેત જાણી" એ પાઠ પણ બોલે છે.

નંદનંદન રૂપે રસલીલા કરી પોતે ન ઉચ્ચરી છાની રાખી
દિવસ એકાદની ઉત્તરાકુંવરમતિ વ્યાસનંદન વિમલ
વદન ભાખી-૫

બ્રહ્માદી મહા મુની અતિ જ્ઞાન પારંગત તે મધુસીંધુની
કહીયે માખી
ન કોય હવો ન કો હોય એ રૂપ સમ તેના સકળ નીજ
નીગમ સાખી-૬

એ પ્રભુ રસ પુંજ ભુમી પરરૂચી કરી ભાગ્યહીણ જીવ
જેણે કણિકા ન ચાખી
તેને દેવ ઉપર રહ્યા ધિકાર બોલે મંદમતી કહી અને નિંદા
દાખી-૭

વિબુધવાંછે વાસ વસુમતિ ઉંપરે શ્રી વલ્લભ કુંવરની ટેહેલ
કરવા
ઘોષથી વેગે પાઉ ધારિયા ગિરિભણી શ્રી ગિરિરાજધરણનો
તાપ હરવા-૮

પુલફેંટભર્યાંવસન વાઘા તણાં વિવિધભુષણ તે અંગધરવા
તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો જાણે નૌકા ચાલી સિંધુ
તરવા-૯

દીવસ એકાર્ધનો વિરહતે યુગ સમો નિરાંજન મિષ રૂપ
હૃદય ધરવા
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણે શ્રી વિઠ્ઠલનાથ એવા
ઉચરવા.-૧૦

રૂપભેઉ એક તે ભિન્ન થઈ વિસ્મરે વિવિધ લીલા કરે
ભજન સાર
વિવિધ વચનાવલી નેણુ સેણુમલી સંગના સુચવે નિશિ
વિહાર-૧૧
વિવિધ મુક્તાવલીપાટસુત્રકરી ગલસરીશોભિતાકરેશૃંગાર
વિવિધ કુસમાવલી ગ્રથિત હાથે કરી એક એકને કંઠે આ
રોપે હાર. ૧૨
વિવિધ મેવાભોગ મધુર મિષ્ઠાન્ન રસ રસ[1]મસ્યા અર્થે
તે બહુ પ્રકાર
વિવિધ બીડાં સુગંધી કપુર એલચી લવિંગ પુંગી પાન
ખેર સાર-૧૩
વ્યજન શિતલ વાયુ મુકર કરકમલ ધરી દેખાડતાં મોહે
સકલ સંસાર
અહર્નિશધ્યાન શ્રીવિઠ્ઠલાધીશનું સકલ કલિમલ દુરિત
કોટીક્ષાર-૧૪
એ પ્રભુ પ્રકટ ભુવિ વિપ્રવર તનુધરી દીઠડે ત્રિભુવન તણા
ચિત્ત ચાલે
કમલ ખંજન મીન મધુપ જયાં ત્યાં થકાં વક્રલોચન પ્રાંત
પાછાં વાળે-૧૫
જાળરંધે સખીજાણોચત્રલખીવાંછીતનાથનીછબી નિહાળે
હાવભાવાદિકકોડીકોટી કરેમદનજવરવ્યથાતેવેગેટાળે-૧૬

૧ ધશ્રમસ્યા.

દાસનો દાસ ભણે સકળ સજ્જન સુણો શ્રીવિઠ્ઠલ આપનું
બિરદ પાળે—૧૭

ચીઠું ૮ મું.

રાગ ધન્યાશ્રી

લલિત મનોહર શ્રી વલ્લભ સુવન સુજાણ
નખશિખ સુંદર વ્રજ જન જીવન પ્રાણ ૧
વદન કાંતિ જાણે ઉદયા કોટિક ભાણ
દ્વિજકુલ મંડન પ્રગટયા પુરૂષ ¹પ્રમાણ ૨
નામ નિરૂપમ ઉચરે સકળ કલ્યાણ
તેના સાખી ચારે વેદ પુરાણ ૩
અસુરહણેવા બ્રહ્મવાદ કૃપાણ*
ભકતી કરે સહુ વાજંતે નિશાણ ૪
વૈષ્ણવ જનને આપે પદ નિરવાણ
મારગ મુકતો કોઈ ન માગે દાણ ૫
ચરણ ચાખડી વંદે રાણો રાણ
સરસ કીધા જે હુતા પ્રેત પાષાણ ૬

---

૧ પુરાણ. * ૧૫-૧૨

પતિત પતિતનું જુઓ તમે પ્રકટ એંધાણ
શેષ સહસ્ત્ર મુખ ઉચરે જેનાં વખાણ ૭
ચૌદ લોકમાં વરતે જેની આણ
ત્રાસ તિમિરનું જાણે સકલ વિહાણ ૮
અધર્મ સકલનું પેરે પેરે કીધું વિત્રાણ
ધર્મ સકલનું પ્રભુજીએ કીધું ત્રાણ ૯
સન્મુખ કીધા જે હુતા ભ્રષ્ટ અજાણ
નિર્ભય કીધા શિરપર ધરી નિજપાણ ૧૦
નિગમ તત્વરસ યશ ભર અમૃત સંધાન[1]
રૂપ સુંદરતા શું કહું નહિં કો એહ સમાન ૧૧
કૃપા કરી હરિ રાખી બહુ વિધિ કાન
સેવક જનને રાખી લ્યો એંહેલાણ ૧૨

ઢાળ.

એવા તે ગુણ નિધિ નાથ ગાતાં બ્રહ્મહત્યાદિક અઘટળે
લીલાતે લહરી સિંધુ ઝીલે રાસ રસિકને જઈ મળે ૧૩
નિ:સાધનજન હિત કરેવા શ્રીનાથ વિઠ્ઠલ આવિયા
વ્રજમાં તે હીંડે મલપતા તે વ્રજ સખી મન ભાવીયા ૧૪
કમળ નેણે અમૃત વેણે વાક્ય માધુરી રેડતા
[2]વેદાધ્યયન મિષ ભુજ ચલણ કરી શોભે સૌને તેડવા ૧૫

૧ કરી સંધાન ૨ વેદધ્વનિ મિષે હસ્તચલણે.

રંગે તે રમતા રસભર્યા પ્રભુ ઘોષમાં લીલા કરે
અધિક અધિક પ્રતાપ પુરણ યશ દશોદિશ વિસ્તરે ૧૬
ભાંતિ ભાંતિ લીલા કરે પ્રભુ સાત સ્વરૂપ સોહામણા
એક એકથી અધિક શોભા વ્રજ સખી લે ભામણા ૧૭
પેરેપેરે પરિવાર સોહે દેવ મોહે નિરખતાં.
ઉત્સાહ આનંદ [1]ઉલટીયો તે કુસુમ વરખે હરખતાં ૧૮
પ્રતિ સદન શોભા અતિ ઘણી ભણી વેદ [2]વદને ન જાય
મકરંદ માતા ભ્રમરગુંજે પક્ષી નાદ સોહાય, ૧૯
અંતઃપુર લીલાકરે સખી સકલ જન સંતોષતા.
જાણે મત્ત મતંગ છુટયો નેપુરને નિરઘોષતાં ૨૦
હારકંકણ કર્ણ ભુષણ નાદ નાના હિડતાં.
ગાનગાયે સ્વર સુહાએ શ્રીનવનીત પ્રીયાજીને પોઢતાં ૨૧
સાંજ સમે શૃંગાર નૌતન ફુલ ગુંથે સૌ મલી
સદન શોભા નિરખતાં તે લક્ષ્મી મન પામ્યાં રળી ૨૨
વાસ વાંછે વ્રજ વસેવા એણીપેરે સુખ પામવા
શ્રી પુરૂષોત્તમ ઉત્તમ વરને સમે જોઈ શિર નામવા ૨૩
લીલાને અનુસાર કલવર કુજતા દ્વિજ શોભતા
સ્વસ્વભાવ ત્યાગી ધ્યાન રાગી કોઇક ભાવે લોભતા ૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે ગાન સુયશ પ્રકાર
સક જન મન સહચરી મલિ કરે તે ઉચ્ચાર ૨૫

---

૧ અધિક વાધ્યો. ૨ વરણી.

એણી પેરે લીલા કરે શ્રી વલ્લભરાજ કુમાર
ભકતજનના કોડ પૂરે આપો ચરણ વિહાર- ૨૬

ધોળ ૯ મું.

રાગ—બિભાસ.

(રેરસના) નિત્ય પ્રતિક્ષણ ક્ષણ સમરીયે શ્રી વલ્લભનો
પરિવારરે રસના.
શ્રી પુરૂષોત્તમ પ્રગટિયા જગત કરેવા ઉદ્ધારરે રસના.
કલિમાં કારણ એક એ બીજું સર્વે ભુમિનો ભારરે રસના.
એ વિના બીજું સરવે બાદલુ એ ચૌદલોક શણગારરે રસના
શ્રીગોપીનાથજી સોહામણા મણિ મરકત ધનવાનરે રસના
સુખદાતા લઘુ ભ્રાતના પુરણ પુરૂષ પ્રમાણરે રસના.
કમળલોચન કરૂણા ભર્યા શ્રી વિઠ્ઠલ સુખ રાસરે રસના.
દીઠડે તાપ ત્રિવિધિ ટળે સ્મરણ માત્ર અઘનાશરે રસના.
શ્રીગિરિધર નર ભુવણ ભ્રાત સકળ ધુરિધારરે રસના.
[1]વકતા વેદ શાસ્ત્રનાણા શ્રીભામિનીજી ભરતારરે રસના.
શ્રીગોવિંદજી આનંદમય ધર્મ સકલનું ધામરે રસના.
શ્રી રાણીજી રંજન રૂડલા ભકત સકળ વિશ્રામરે રસના.

---

૧ શાસ્તા

શ્રીબાલકૃષ્ણજી બાલુડા સુંદર ભીનલે વાનરે રસના.
કમળ લોચન કમળાપતી છબી નહિં કો એહ સમાનરે રસના
શ્રીગોકુળપતિ અતિ ગુણનિધિ તાત તણો પ્રતિબિંબરે રસના
શ્રીપાર્વતીપતી પ્રેમશું શોભા સકલ કુટુંબરે રસના.
શ્રીરઘુપતીજી અતિ ગજગતી રતિપતી કરૂં બલિહારે રસના
શ્રીજાનકી જીવન એ સદા મધ્યમણિરત્નમય હારરે રસના.
શ્રીયદુપતીજીવન જગતના સદા મન પ્રસન્ન ઉલ્લાસરે રસના.
નાહ તે મહારાણીજી તણા મુખમાધુરી વિલાસરે રસના.
શ્રીઘનશ્યામજી સિંચે સુધા જીવન સકલ બ્રહ્માંડરે રસના.
નાહ તે કૃષ્ણાવતી તણા લીલા નિત્ય અખંડરે રસના.
લક્ષ્મી સત્યભામા બેહુ અગ્રજની અનુહારરે રસના.
શ્રીનવનીત પ્રિયાજીને રીઝાવ્યા સેવ્યા વિવિધ પ્રકારરે રસના
શોભાયમુના કમલા દેવકા જેને સાત બાંધવ
સૌભાગ્યરેરસના.
એમના ચરણ સ્મરણ કરી શ્રીવિઠ્ઠલ પદ રજરતિ
માગ્યરે રસના.
પુત્ર પૌત્રાદિ સુખ શું કહું જો તું મુખ માંહે એકરે રસના.
શ્રીવિઠ્ઠલ કલ્પ દ્રુ:ખ ફળ્યો શાખા પ્રસરી અનેકરે રસના.

ઇતિશ્રી વલ્લભાખ્યાન સમાપ્ત.

મૂળ પુરૂષ પ્રારંભ.

રાગ—બિલાવલ.

મૂળ પુરૂષ નારાયણ યજ્ઞ શ્રુતિ અવતાર ભયે સરવજ્ઞ
શાખા તૈતરીય ગોત્ર ભારદ્વાજ તૈલંગકુળ ઉદિતદ્વિજરાજ
(છંદ) દ્વિજરાજ તેં હરિ આય પ્રકટે સોમયજ્ઞ કીયો જબેં
કુંડતે હરિ કહી બાની જન્મકુલ તુહ્મારે અબેં
ચકિત્ત તતૂક્ષણ ભયે સબજન એસી અબલોં ભઈ કબેં
સુનતહી મન હરખ કીનો ધન્ય ધન્ય કહયો સબે. ૧
તિનકે પુત્ર ભયે ગંગાધર. તિનકે ગણપતિ સુત વલ્લભવર;
શ્રીલક્ષ્મણ ભટ અનુભવટેવ, શુદ્ધસત્વ જયોં શ્રી વસુદેવ,
(છંદ) સત્વગુણ વિદ્યા પયોનિધિ વિશદ કીર્તિ પ્રકટઈ
ગામ કાંકરવારમેં રહી જાતિ સબ હરખિત ભઈ
પર્વ પર સકુટુંબ લેકે ચલે માગકું સાથ લે
સ્નાન દાન દિવાય દ્વિજકું ચલે કાશી પાતલે ૨
કછુક દિન રહીકે ચલે સબદક્ષણ, આનંદિતતનુ સકુન સલક્ષણ
ચંપારણ્ય મહીં જબ આયે, એલમાગારૂ ગર્ભ શ્રવિત જતાયે

(છંદ) શ્રીવજાનિ ચલે તહીં તે નગર ચૌડા મેં બસે
જગતમેં આનંદ ફેલ્યો દશ દિશા માનોહસે
ચેન હે સુનિ ચલે કાશી ફેર વહિ બન આવહિ
અગ્નિ ચૌંધા મધ્ય બાલ - દેખી સનમુખ ધાવહિ ૩
મારગ દિયો જાની જ્ય ...ા, લિયે ઉચ્છંગ મોહિ દિયો
હે બિધાતા,
તાત સુનત દૌરી કંઠલગાયે, તિહિ દિન મંગલ હોત બધાયે.
(છંદ) મંગલ બધાયો હોત તિહુંપુર દેવ દુદુંભી બાજહી
જોતસીકો લગન પૂછત પ્રથમ સમયો સાધહી
ધન્ય સંવત્ પંદ્રહા પેંતીસ માધવ માસહે
કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ પ્રકટ વદન વિલાસહે ૪
શ્રી વલ્લભકું લે આયે કાસી, સુંદર રૂપ નયન સુખરાશી;
સાત વરસ ઉપવિત ધરાયેં, તબતે વિદ્યા પઢન પઠાયેં.
(છંદ) પઢે ચારોં વેદ અરૂ ખટ્શાસ્ત્ર મહિના ચારમેં
તાતકું અચરજ ભયો યહ કોન રૂપ વિચારમેં
નીંદ આઇ કહયો પ્રભુ સંદેહ ક્યોં તુમ કરતહો
પ્રથમ બાની ભઈહે સો પ્રકટ જાનો અબ ભયો ૫
જાગપરી કહ્યો પત્નિ આગે. એ હેં પૂરણ બ્રહ્મ અનુરાગે;
શ્રીમુખ બચન કહે શ્રી વલ્લભ, માયા મત ખંડન સબ
સુલ્લભ.
(છંદ) સુલભતેં દક્ષિણ પધારે ગ્યારે વરસકો વપુ ધરે

દેખ મામા હરખકેં આદર કીયો આવો ઘરે
વિદ્યાનગર કૃષ્ણ દેવરાજા બહુત મતહી જહાં મીલે
જીતકે કનકાભિષેકસું પઢે આવત ઈહાં પહિલે- ૬
રામાનુજ અરૂ મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી નિમાદિત્ય
હરિભજ;
શંકરમેં અનુસરત ઓરમત, યુકિત બળતેં આજ
સબળ અતિ.
(છંદ) સબળસુન આપુહી પધારે દ્વારપેં પહુચે જબે
ભૃત્ય દૌરિ પ્રતાપ બરન્યો રાય આવો ઈહિં અબે
રાય આવી પ્રણામ કિનો સભામેં જુ પધારિયે
સુનહો બિનતી કૃપાસાગર દુષ્ટ મતહિ વિડારીએ ૭
ગજગતિ ચાલ ચલે શ્રી વલ્લભ, ઈનકી કૃપા ભયે
સબસુલભ;
રવિકે ઉદય કિરણ જ્યોં બાઢી, તૈસી સભા પાંત ઉઠીઠાડી.
(છંદ) ઠાડે સબ સ્તુતિ કરે જબ કિયો માયામત ખંડન.
શબ્દ જેજે હોત સબ મુખ ભકિત પથ ભુવમંડન
સ્તુતિ કરે દ્વિજ હાથ જોરેં રાય મસ્તક નાવહીં
પરમ મંગલ હોતહેં કનકાભિષેક કરાવહીં. ૮
પાછે જલસો ન્હાય બિરાજે, વિનતિ કરી રાયેં મન સાજે;
દ્રવ્ય સબે અંગીકૃત કરિયે, પ્રભુ બોલે યહનાંહી ગ્રહિયે.
(છંદ) ગ્રહિયે નાહિન સ્નાન જલવત્ બાંટ સબકો દીજીયે

બાંટ દીનો કરી બીનતી મોહિ શરણ જુલીજીએ
કૃપા કરકે શરણ લીનો થાર ભરી મહોરે ધર્યો
સમલેકેં કહ્યો દૈવી દ્રવ્ય અંગીકૃત કર્યો ૯
તહાં તે પંઢરપુરજુ સિધારે, શ્રી વિઠ્ઠલનાથ મિલનકોં
પધારે;
ભીમરથી કે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ
બઢયો તબ.
(છંદ) બઢયો આનંદ કરી બીનતી આપકો યહ શ્રમ કિયો
કહિ શ્રી વિઠ્ઠલ નાથજીનેં મિત્રતા પથ પ્રગટિયો
ફેર શ્રી ગોકુળ પધારે નિરખ યમુના હરખહી
સંગ દમલાદિક હતે તિનપેં કૃપારસ બરખહીં ૧૦
એક સમે ચિંતા ચિત્ત આઇ, દૈવી કિહિં બિધ જાની જાઈ;
આસુરીસોં સબ મિલિતસદાઈ, ભિન્ન હોય સો કૌંનઉપાઈ.
(છંદ) ભિન્નકો જબ ચિત્ત ધર્યો તબ પ્રભુ પધારે તિહિં સમે
મધુર રૂપ અનંગ મોહિત કહત સુખકીને હમેં
કરો અબતેં બ્રહ્મકો સંબંધ દૈવી સૃષ્ટિસોં
પાંચ દોષ ન રહે તાકે નિવેદન કરો વૃષ્ટિસોં ૧૧
વચન સુની હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞા તે પરમ
અતિ સુલભ;
કંઠપવિત્રા તે પહેરાયે, મિસરી ભોગ ધરી મનભાયે.
(છંદ) ભયો ભાયો ચિત્તકો તબ પુષ્ટિ પથકું અનુસરે

શરણુ જે આવત નિરંતર કાલ ભય તે નાં ડરે
પ્રકટ સબ લીલા દિખાવત નંદ નંદન જે કરી
અવનિપર પદ પદ્મ રાખી પરિક્રમા મિષ ઉર ધરી ૧૨
ફેર પંઢરપુર જબ આયે શ્રી વિઠુલનાથ કહી મન ભાયે;
કરિ વિવાહ બહુ રૂપ દિખાવો, મેરો નામ સુવનકો ધરાવો.
(છંદ) ધરો ચિત્તમેં બાત યહ કાશી વિવાહ જુ હોયગો
મેં કહ્યો દ્વિજ આયે બીનતી કરે ચરણુ સમોયગો
આય વહાંતે વિવાહ કીનો અધિક મંગલ તબ ભયો
નામ ધર્યા શ્રી મહાલક્ષ્મી દેખજોરી દુઃખ ગયો. ૧૩
પરિક્રમા ત્રીજી ચિત્ત આઈ, નિકસ ચલે શ્રી વલ્લભરાઈ;
ઝાડખંડમેં પ્રભુને જતાઇ અબકે મોહિ મિલો મનભાઇ
(છંદ) મિલેંગે હરિદાસપેં જહાં તીન દમન કહાવહીં
ઇંદ્રનાગજુ દેવ દમન સો મેરો નામ જતાવહીં
ફેરકે જબ વ્રજ પધારે પાંચ સેવક સંગહેં
સદૂ હેં આન્યોરમેં જહાં દ્વારપેં ઠાડે રહેં ૧૪
સદૂ કહે સ્વામિ કછુ ખે હેં, મેઘન કહિ સેવકકોલેહેં;
ઇતને પ્રભુ ગિરિ ઉપર બોલે, લાઇ ન દૂધ રહે અનબોલે.
(છંદ) બોલી નરો યહ પાહુને આયે તીનહીંકો બેઠારિયેં
પ્રભુ કહત મોંહેં દેર લાગત ભલી ચિત્ત બિચારીયેં
લે ગઈ પય પાય આઈ દેખ શ્રી વલ્લભ કહ્યો
બચ્યો હોય સો હમેં દીજે બોલ પેહલો હી ગહ્યો ૧૫

દેખ નરો બોલી હું વારી, નામ દીજીયે ગર્વ મ્હારી;
નામ દીના પૂછી વે કહાં હે, કહિ પર્વતપર જાઓ તહાંહે.
(છંદ) તહાં દેખે પ્રાણપતિ તબ હુલસિ દોઉ તન ફૂલહી
વહી સમેં સુખ કહિ ન આવે પંગુ ગતિ મતિ ભૂલહી
હસિ કહ્યો સકુટુંબ આવો નિકટ રહી સેવા કરો
માની વચન પ્રમાણ કીનો સાસરે દિશ પગ ધર્યો ૧૬
કછુક દિન રહી સંગ લે આયે, વસે અડે લમેં નિજ
હરખાયે;
સંવત પંદ્રહા અડસઠ આયો આસો વદી દ્વાદશી
શુભ ગાયો.
(છંદ) ગાયો શ્રી ગોપીનાથજી જબ જન્મ લીનો આયકે
જાનિ બલકો રૂપ હરખિત હેતદાન બઢાયકે
ફેરકે ચરણાટ આયે કછુક દિન રહે જાનકે
ધન્ય સંવત પંદ્રહા ધ ર બહોતરા શુભ માન કે ૧૭
પોષ કૃષ્ણ નામી જ મ આઈ, ઘર ઘર મંગલ હોત બધાઈ;
શ્રી વિઠ્ઠલનાથ જન્મ ભયો સુનિકે. કહત ફિરત આનંદ.
ગુણ ગનિકે.
(છંદ) આનંદ બાઢયો સહુ દિશા છબિદેખ શ્રી વલ્લભ હસે
વેઉ કછુ મુસકાય ચિતયે દોઉ હસન મેરે મન વસે
તિલક મૃગમદ છિપ્યો હરખિત કહાંલોં ગુણ ગાઈએ.
કૃપાતેં ઉછલિત નિજરસ છિપત નાંહી, છિપાઈએ ૧૮

શ્રી ગોકુલમેં વાસ સુહાયો, રૂક્મિણિ પદ્માવતી
પતિ ગાયો;
શ્રી ગિરિવરધર જિનહીં છબિલો, શ્રી નવનીત પ્રિય
ચારવીલો.

(છંદ) પ્રિય શ્રી મથુરેશ શ્રીવિઠ્ઠલેશ શ્રી દ્વારિકેશજૂ
શ્રી ગોવર્ધનધર શ્રી ગોકુલચંદ્રમા મધુરેશજૂ
શ્રી મદન મોહન અષ્ટ ઈહિ વિધિ રમનશ્રી વિઠ્ઠલનાથકે
તાતકો ચિત્ત જાની સેવા વિસ્તરી સબ સાથકે. ૧૯
પંદ્રહસેં સત્તાણુ કાર્તિક, વિમળ દ્વાદશી મંગળનિનઢિક;
પ્રથમપુત્ર પ્રકટેશ્રી ગિરિધર, ષટ્ગુણ ધર્મા ધર્મધુરંધર.
(છંદ) ધુરંધર ઐશ્વર્ય શ્રી ગોવિંદ પંચદશ નન્યાનવે
ઉર્જ શામલ અષ્ટમિ શુભ ગુરૂ સુદિન પ્રકટે તબે
રૂતુવિયત શૃંગાર આશ્વિન અસિત તેરસ ભ્રાજહી
શ્રી બાલકૃષ્ણજી મહા પરાક્રમ વસુખ સોલે રાજહી ૨૦
કવિસહ સુદિ સાતેં શ્રી ગોકુલપતી, યશસ્વરૂપ
માળા સ્થાપિતરતી;
સોરહસેં અગ્યારહ કાર્તિક સિત અર્ક બુધ રઘુનાથ
શ્રી સહિત.
(છંદ) હેતુ નિજ અભિધાન પ્રકટે તાત આજ્ઞા માન કે
તિથીકળા બુધ મધુ છઠ વિમલ જ્ઞાન બખાનકે

શ્રી યદુનાથ પ્રકટયે રહયો વિરહેં શ્રી ઘનશ્યામ સ્વરૂપકે
સહકૃષ્ણ તેરસ રવિજ રિક્ષ સત કળા શ્રીવિઠ્ઠલપ્રભુપકે ૨૧
ભામિની રાની કમળા બખાની, પારવતી જાનકી
મહરાંની;
કૃષ્ણાવતિ મિલિ સાતો કહાયે, યહ અલૌકિક
રૂપ મહા યે.
મહા અલૌકિક અગ્નિકુલ સબ અલૌકિક અષ્ટ છાપહેં
અલૌકિક સબ ભકતજન જો શરણ લીને આપહેં;
યથામતિ કછુ બરનિઆઈ જાનિયો યહ દાસ હેં
શ્રી દ્વારકેશ નિરોધ માગે યહી ફલકી આસ હેં

ઇતિ શ્રી મૂળ પુરૂષ સંપૂર્ણ.

વલ્લભ (પુષ્ટિ) માર્ગીય ગુજરાતી પુસ્તકો.

અન્તઃકરણ પ્રબોધ-મહા પ્રભુજીનો અંતઃકરણને બોધ છે. ... ... ૦—૧

અષ્ટાક્ષરની ટીકા-માહાપ્રભુજીયે કહેલો "અષ્ટાક્ષર મંત્ર" ... ૦—૧

ઓચ્છવ પદમાળા-(મોટી) આ પુસ્તકમાં વૈષ્ણવોપયોગી ઓધવનાં, વસન્તનાં, હોરીના થાળનાં વિગેરે ૪૩૨ પદો છે મોટા અક્ષર પાકુ પુંઠું હોવાથી દરેક વૈષ્ણવ ભકતોને અવશ્ય સંગ્રહ કરવા યોગ્ય છે. ... ૦-૧૨

ઉપદેશ વિષયકશંકા નિરાસવાદ-ગો. શ્રી પુરૂષોત્તમજીકૃત. ... ૦—૨

ઉપદેશસુધા ગ્રંથ-વર્ણાશ્રમ ધર્મનો અપૂર્વ બોધ છે. ... ... ૦—૪

ઉપયોગી નિત્ય કર્મ-સુર્યોદયથી રાત્રી સુધીના નિયમો. ... ... ૦-૧॥

કૃષ્ણચરિત્ર-ગોકુળલીલા, મથુરાલીલા, તથા દ્વારકાંલીલાનો સંગ્રહ. ... ૧—૪

કૃષ્ણાશ્રય-મૂલ સહિત ગુજરાતી ભાષાન્તર (કૃષ્ણકથા સંગ્રહ). ... ૦—૨

કૃષ્ણલીલામૃત ભાગ ૧ લો-શ્રી અચાર્યજી મહા પ્રભુજીએ રચેલી સુબોધિની ટીકાને આધારે સરળ ગુજરાતી ભાષામાં.... ... ... ૧—૦

કૃષ્ણ લીલામૃત ભાગ ૨ જો (ઉપર સુજબ).... ... ... ૧—૦

કામાખ્યદોષ વિવરણ-લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ કૃત. ... ... ૦—૪

કીર્તન રત્નાકર-આમાં કયા વૈષ્ણવે, કયા પ્રસંગે દરેક કીર્તન આપેલું તેનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. ... ... ૦—૨

ગોપીગીત-અને જમનાજીનાં ચાલીસ પદ ગુજરાતીમાં. ... ... ૦—૧

ચોવીસ વચનામૃત-શ્રી ગોકુળનાથજીકૃત-ગુજરાતી અક્ષરમાં. ... ૦—૧

ચોરાશી વૈષ્ણવોની વાર્ત્તા-આ પુસ્તકમાં શ્રી પુરૂષાદિ એકન્દર ૯૨ ભગવત ભકતોની ભક્તિમય વર્ત્તાઓનો સંગ્રહ છે. પાકુ સોનેરી પુંઠું ગ્લેઝ ઉંચા કાગળ હોવા છતાં કિંમત માત્ર. ૦-૧૦

ચોરાશી વૈષ્ણવોની વાર્તા-ઉપર મુજબ પણ રફ કાગળ કાચું પુંઠું.... ૦—૬

છોરાગ ઓચ્છવની પદમાળા-આમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં પદો છે. ... ૦—૧

જલભેદ તથા **પંચપદ્યાનિ**-આ એક ભક્તિનું અપુર્વ પુસ્તક છે. ... ૦-૩॥

કુસંગ વિજ્ઞાન પ્રકાર-શ્રી હરીરાયજી કૃત સતસંગથી મોક્ષસીદ્ધી. ... ૦—૧

ધોળપદ સંગ્રહ-આમાં જુદી જુદી જાતના ૨૬૮ પદનો સંગ્રહ છે. ... ૦—૪

ધર્મપ્રકાશ–આ નાનું પુસ્તક પણ ઉપયોગી છે.... ... ... ૦—૨

નવરત્ન–શ્રી વલ્લભાચાર્ય કૃત. આ પુસ્તક ઉપર ઘણી ટીકાઓ છે. ... ૦–૨॥

પંચામૃત–શ્રી હરિરાયજી વિરચિત ઉપયોગી નાનો ગ્રંથ. ... ... ૦—૮

પુરૂષોત્તમ સહસ્ત્ર નામ–મુ. ગુ. ભા. આનો પાઠ ફલદાયક છે. ... ૦—૩

પુષ્ટિતત્ત્વ ચિન્તામણિ–શ્રીમદ્દ શ્રી યદુનાથજી મહારાજ વિરચિત. .. ૦–૧૨

પુષ્ટિમાર્ગનો સાચો સિદ્ધાન્ત–પુષ્ટિ, માર્ગ ઉપર સ્માર્ત સંપ્રદાય તરફથી કરવામાં આવેલાં આક્ષેપનું સપ્રમાણ ખંડન કરનારૂં પુસ્તક ખાસ વાંચવા ભલામણ છે. ... ... ૦—૮

પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ–પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાનો સ્પષ્ટ ખુલાસો. ... ૦—૫

બાળબોધ–આ પુસ્તક વૈષ્ણવો તેમજ અન્ય જનોને વાંચનીય છે, ... ૦–૩॥

ભક્તિવર્ધીની–આ પુસ્તકમાં ભક્તિ સપ્રમાણ વર્ણવવામાં આવી છે. ... ૦–૨॥

ભક્તિહંસ–શ્રીમદ્દ વિઠ્ઠલનાથજી (શ્રીગુંસાઇજી) કૃત ગુજરાતીમાં. ... ૦—૨

ભાવસિન્ધુ–શ્રીમદ્દ શ્રી ગોકુલનાથજી વિરચિત ગુજરાતીમાં ... ... ૧—૪

માલા પ્રસંગસાર–લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ કૃત ગુજરાતીમાં... ... ૦—૪

યમુનાષ્ટકમ્–શ્રીમદ્દ વલ્લભાચાર્ય વિરચિત ગુજરાતી ભાષામાં... ... ૦—૧

રાસપંચાધ્યાઈ–શ્રી નંદલાલજી કૃત ગુજરાતી ભાષાન્તર. ... ... ૦—૨

વલ્લભદિગ્વિજય અને પુરૂષોત્તમ સહસ્ત્રનામઃ–આ બન્ને ગ્રંથો એકજ પુસ્તકના આકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પુષ્ટિસંપ્રદાયને પ્રવર્ત્તાવી, સૈવ્ય સેવકભાવને દરેક મનુષ્યનાં હૃદયમાં સ્ફુરાવનાર તથા માયાવાદીઓના માયિક મતનું ખંડન કરનાર **શ્રીમદ્દ વલ્લભાચાર્યનું** જીવન વૃત્તાન્ત વિચારણીય હોઇ તેમણે આર્યાવર્તમાં કરેલા દિગ્વિજયનો ઇતિહાસ **શ્રી વલ્લભ દિગ્વિજયમાં** આપેલો છે. **શ્રીમદ્દ આચાર્ય ચુડામણિને** આ પૃથ્વીમાં જન્મ કેમ લેવો પડયો તથા જન્મ કયાં અને કેમ થયો ? વષ્ણવ ધર્મનું ઉચ્છેદન થયું હતું તેનું સ્થાપન કેમ કર્યું વિગેરે બાબતોનું વિવેચન વેદ તથા શ્રુતિઓનાં પ્રમાણોથી શુદ્ધાદ્વૈત–બ્રહ્મવાદનું પ્રતિપાદન કરેલું છે. એ ભાગ સદ્દભાવનાવાળા મનુષ્યોનાં મનમાં દિવ્ય જ્ઞાનની પ્રતિમા પાડે છે; તેથી સર્વથા વાંચવાને યોગ્ય છે. વળી તેની સાથે **શ્રી પુરૂષોત્તમ સહસ્ત્રનામ** આ બન્ને ગ્રંથો શુદ્ધ સરળ ગુજરાતી ભાષામાં સુંદર **આઠ ચિત્રો** સહિત કદ રોયલ ૧૨ પેજી, પૃષ્ઠ ૨૫૦ ગ્લેઝ કાગળ સોનેરી ગીલ્ટીંગનું પાકુ બાઇન્ડીંગ છતાં મુલ્ય.... ... ... ૧—૮

વલ્લભદિગ્વિજય અને પુરૂષોત્તમ સહસ્ત્રનામ (રફ કાગળનું). ...	૧—૪
વલ્લભાખ્યાન અને મુળપુરૂષ (ગુજરાતી ભાષામાં.)મોટું	૦—૪
વિવેક ધૈર્યાશ્રય નિરૂપણમ્-શ્રીમદ્ વલ્લભાચાર્ય કૃત ગુ.	૦-૧ાા
વૈષ્ણવ ધર્મ શિક્ષા પત્રિકા-ગુજરાતી ટીકા સહિત આ પુસ્તક ભક્તિ રસથી ભરપુર હોવાથી ભક્તજનોને પાઠ કરવા યોગ્ય છે.	૦—૮
વૈષ્ણવના નિત્ય નિયમ-ગુજરાતીમાં.	૦—૧
વૈષ્ણવોપયોગી પાઠપોથી-વૈષ્ણવોને અતિ ઉપયોગી.	૦—૪
શ્રીકૃષ્ણ જન્મ ખંડ-ગુજરાતી. અપુર્વ કૃષ્ણલીલાનું વર્ણન... ...	૧—૮
શ્રીકૃષ્ણ પ્રાગટ્ય-પ્રાગટ્યની રસમય વાર્તા ગુ. ભાષામાં છે. ...	૦—૧
શ્રી ગોવરધન નાગજીનું પ્રાગટ્ય-ગુજરાતી ભાષામાં નાની ...	૦—૧
શ્રી ગોવરધનનાથજી (શ્રી નાથજી) ના પ્રાકટ્યની વાર્તા-મોટી ગુજરાતી	૦—૪
શ્રીમદ વલભાચાર્યનું જીવન ચરીત્ર-એમના રચેલા નવ ગ્રન્થોના સાર સહીત આ પુસ્તક દરેક વૈષ્ણવ ભક્તોને વાંચવા યોગ્ય છે	૧—૮
શ્રી નાગજીનું પ્રાગટ્ય-સરળ સવિસ્તર ગુજરાતી ભાષામાં. ...	૦—૪
ષોડસગ્રંથ-વલ્લભાચાર્ય કૃત મુલસહિત ગુજરાતી ભાષાન્તર ...	૦-૧૨
સર્વોત્તમસ્તોત્ર-મુલ સહીત ગુજરાતી ભાષાંતર પાઠ કરવા યોગ્ય ...	૦—૧
સીદ્ધાંતમુક્તાવલી-શ્રીમદ વલ્લભાચાર્ય વીરચીત ગુજરાતી ...	૦-પાા
સિદ્ધાંન્તરહસ્ય-શ્રીમદ વલ્લભાચાર્ય વીરચીત ગુજરાતી ભાષામાં ...	૦—૨
સન્યાસ નીર્ણય-શ્રી વલ્લભાચાર્ય કૃત (શ્રી મહાપ્રભુજીની છબી) ...	૦—૩
સન્ધ્યા-મુલ સહીત ગુજરાતી ભાષાન્તર (નીત્ય પાઠોપયોગી) ...	૦—૧
જ્ઞાનમાળા તથા શીક્ષામાળા-કૃષ્ણ અર્જુનનો સંવાદ ...	૦—૧

વૈષ્ણવોપયોગી તમામ પુસ્તકો મળવાનું ઠેકાણું:—

બુકસેલર-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.